# તસ્બી- સારસ થઈ મળશું

વજન: ગાગાલગા ગાગાલગા ગાગાલગા ગાગા

પંચમ શુક્લ

ના તું મને સ્પર્શે હવે કે હું તને સ્પર્શું,
વિશ્વાસ છે, ક્યારેક તો સારસ થઈ મળશું.

સૂકાઇ જાશું બેય જૂદાં વૃક્ષ પર જૂદું,
હૂંફાળું ઓઢી ઘાંસ, એક જ તાપણું થાશું.

શોષાયાં કરશું બાષ્પ જેવું સાગરે જૂદાં,
જળબુંદ થૈ વાદળ ઉપર ભેગાં જ બંધાશું.

જૂદે જ ખેતર, દાળ-ચોખા થૈ અલગ ઉગશું,
સુપાચ્ય લચકો-ખીચડી થૈને જ રંધાશું.

નોંખાં જ રહેશું, આમ તો, થૈ દૂધ ને પાણી,
નવનીત થાવાં, છાશ થૈ બેહદ વલોવાશું.

તું મીણ, ને હું વાટ, કોરાં મીણબત્તીમાં,
થૈ એકરસ એકાદ રાતે બેય ઓગળશું.

અજવાળશું અંધાર અનહદ એવું ઓગળશું,
વિશ્વાસ છે, હરપળ પછી સારસ થઈ મળશું.

લંડન, ઓગસ્ટ ૨૦૦૫